મહત્તમ : ૨૮.૪ ડીગ્રી
લઘુતમ : ૧૨.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૫૧ ટકા
ગાંધીનગર તાપમાન

સેકટર-૯ અને ૧૯ની પોસ્ટઓફિસના મકાનો બાંધવાની રજૂઆત સ્વિકારાઈ

સે-૨૦, ૨૩ અને ૨૪ માટે પણ તરત નિર્ણય લો

ગાંધીનગર, તા.૧૬

પાટનગર ગાંધીનગરના સેક્ટર-૯ અને ૧૯માં આવેલી પોસ્ટ ઓફિસના પોતાના મકાનો બાંધવાની મંજૂરી પોસ્ટ ખાતાએ આપી છે અને તેના બાંધકામ શરૂ કરવામાં આવ્યા છે. આ માટે ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરી હતી.

ગાંધીનગરના નાગરિકોને ટપાલની સુવિધા મળી રહે તે માટે પ્રારંભમાં સેક્ટરોમાં સરકારી મકાનમાં પોસ્ટ ઓફિસો શરૂ કરવામાં આવી હતી. પોસ્ટ ખાતું પોતાનાં મકાન બનાવી શકે તે માટે કેટલાંક સેક્ટરોમાં એપ્રિલ ૧૯૭૯માં જમીનના પ્લોટ્સ ફાળવવામાં આવ્યા હતા, પરંતુ ગમે તે કારણોસર ૪૦ વર્ષ વીત્યા પછી પણ પોસ્ટ વિભાગે પોતાના મકાનો બનાવ્યા નહોતાં.

ગાંધીનગરના નાગરિકોને વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા સતત ચિંતન કરતી પ્રબુદ્ધ નાગરિકોની સંસ્થા જાગૃત નાગરિક પરિષદે તારીખ ૨૮-૫-૨૦૧૮ના રોજ સિનિયર સુપ્રિટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસીઝ, ગાંધીનગરની રૂબરૂ મુલાકાત લઈને સેક્ટર-૯, ૧૯, ૨૦, ૨૩ અને ૨૪માં પોસ્ટ વિભાગને મળેલા જમીનના પ્લોટ્સ પર ખાતા દ્વારા પોતાના મકાન બનાવવા રજૂઆત કરી હતી.

નવા વિકસતા ગાંધીનગરમાં પણ નાગરિકોને ટપાલ સેવાઓ ઉપલબ્ધ કરાવવા પોસ્ટ ઓફિસો ખોલવા અને જમીન હસ્તગત કરવા પણ જણાવવામાં આવ્યું હતું. પોસ્ટ વિભાગના ભારત સરકારના માનનીય મંત્રીશ્રી તેમજ ગુજરાત સર્કલના સિનિયર પોસ્ટ માસ્ટર જનરલને પણ જણાવાયું હતું. ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે પોસ્ટ ખાતાનો આભાર માનવા સાથે બાકી રહેતા પ્લોટ ધરાવતા ૨૦, ૨૩ અને ૨૪માં પણ મકાનો બાંધવાની મંજૂરી તરત આપવા ફરી જણાવ્યું છે.

સેક્ટર-૬ અને ૭ની પોસ્ટ ઓફિસ માટે પણ સ્વતંત્ર મકાન તરત મંજૂર કરવાની માગણી

ગાંધીનગર, તા.૧૬

મહદ્‌અંશે સેક્ટર-૧ અને ૮ ના નાગરિકો સેક્ટર-૭ ની પોસ્ટ ઓફિસનો ઉપયોગ કરતા હોવાથી સેક્ટર-૭ ની પોસ્ટ ઓફિસમાં સતત ભીડ રહે છે. તેનું સરકારી મકાન ઘણું નાનું હોવાથી નાગરિકો માટે જરૂરી સુવિધાઓનો ભારે અભાવ છે . સેક્ટર-૬ની પોસ્ટ ઓફિસની સ્થિતિ પણ અસહ્ય છે. મોટી સંખ્યામાં લોકો ઉપયોગ કરતા હોવાથી મકાન ઘણું નાનું અને અસુવિધાપૂર્ણ છે. આ બંને સેક્ટરો પૂર્ણ વિકસિત છે. પોસ્ટ ખાતાને પૂરતી આવક આપે છે.

સેક્ટર-૬ અને ૭ માટે પોસ્ટ ખાતુ પોતાની કચેરીઓ બનાવે તે અત્યંત આવશ્યક છે . પોસ્ટ ખાતાએ અન્ય બેકિંગ સેવાઓ પણ શરૂ કરી છે ત્યારે આ કચેરીઓની સુવિધાઓ વધારવા માટે તાત્કાલિક પગલાં લેવામાં આવે તેવી લોક માગણી છે.

સેક્ટર-૭ની પોસ્ટ ઓફિસનો પીનકોડ ૩૮૨૦૦૭ છે. તેના પોસ્ટલ ડિલિવરી ઝોનમાં સેક્ટર-૭ ઉપરાંત સેક્ટર-૮, ૯, ૧ અને ઈન્ફોસિટી વગેરે વિસ્તારોનો સમાવેશ થાય છે. સેક્ટર ૬ની પોસ્ટ ઓફિસનો પીનકોડ ૩૮૨૦૦૬ છે. મર્યાદિત મહેકમને કારણે આ વિસ્તારોમાં ટપાલની ડિલિવરી રોજેરોજ થઈ શકતી નથી. બન્ને પોસ્ટ ઓફિસમાં યોગ્ય સંખ્યામાં ટપાલીઓની જગ્યા મંજૂર કરવાની આવશ્યકતા છે. જ્યોતીન્દ્રભાઈ દવેના અધ્યક્ષપદે મળેલી ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની વર્ચ્યુઅલ બેઠકમાં સર્વ એચ બી વરિયા, વાગ્મિનભાઈ બૂચ, સુમંતભાઈ શાહ, પ્રો. રવીન્દ્રભાઈ દવે, ભાનુપ્રસાદ પુરાણી, એસડીઆર મલિક, જે.જી.વોહરા, શકુંતલાબેન ગોર, રાજેન્દ્રભાઈ પારેખ, લક્ષ્મણસિંહ રાજપુત, કુસુમબહેન જોષી, અશોકભાઈ રીડાણી વગેરેએ ઉપસ્થિત રહીને મહત્વનાં સૂચનો કર્યા હતાં.

એપોલો હોસ્પિટલ ખાતે વેકિસનેશન સેન્ટરનો પ્રારંભ

અપોલો હોસ્પિટલ્સ ગાંધીનગરે કોવિડ-૧૯ વેક્સિનેશન સેન્ટર લોંચ કર્યું હતું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કોવિડ-૧૯ રસીકરણનો પ્રારંભ કરાવ્યો છે ત્યારે અપોલો હોસ્પિટલ્સ ગાંધીનગર આ પહેલ અંતર્ગત મહત્વપૂર્ણ સેન્ટર્સ પૈકીનું એક છે. એમએલએ રમણભાઈ પટેલ અને રાજ્ય સરકારના અન્ય અધિકારીઓ આ લોંચ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં. કોવિડ-૧૯ ઉપર એક ફિલ્મ દર્શાવવામાં આવી હતી, જે બાદ રસીકરણના પ્રારંભ સાથે પ્રધાનમંત્રીશ્રીના રાષ્ટ્રને સંબોધન થયું હતું. આ લોંચ બાદ ઘણાં ફ્રન્ટલાઈન વોરિયર્સ અને હેલ્થકેર વર્કર્સને રસી આપવામાં આવી હતી. અપોલો હોસ્પિટલ્સના સીઓઓ ડો. બાલાજી પિલ્લઈ અને હોસ્પિટલ મેનેજમેન્ટના અન્ય કર્મચારીઓએ લોંચ દરમિયાન તમામ પ્રોટોકોલ્સ અને સલામતી માટે તકેદારીના પગલાં સુનિશ્ચિત કર્યાં હતાં.

પોર ગામે પાર્લર ચલાવતા યુવક પર ગામના ત્રણ શખ્સોનો હુમલો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર નજીક આવેલા પોર ગામે પાન પાર્લર ચલાવતા યુવક પર ગામના ત્રણ શખ્સોએ મારમાર્યો છે. પાર્લર ચલાવતો યુવક ફીજના નુકશાનીના રૂપીયા લેવા માટે રાત્રે ઘરે ગયો હતો. તે સમયે ત્રણ શખ્સોએ યુવકને લાકડી વડે અને ગડદાપાટુનો માર માર્યો હતો. ગામમાં હોહા થતા વધુ મારમાંથી યુવકને ગ્રામજનોએ બચાવ્યો હતો.જયારે ઈજાગ્રસ્તને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો.બનાવ અંગે અડાલજ પોલીસે ત્રણેય સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પોર ગામના પગીવાસ ખાતે રહેતો ઘનશ્યામ મહોતજી ઠાકોર (ઉં.૩૦) રામદેવ પીર મંદીર નજીક રામદેવ પાન પાર્લર ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. પાર્લર પર મુકેલુ ફીજને ગામના ચામુંડાવાસમાં રહેતા સુમન પોપટજી ઠાકોર નુકશાન કર્યું હતું.જે મુદે શુક્રવારના રોજ સાંજે સાત વાગે ભાગોળે મળેલા સુમન જોડે યુવકે નુકશાનના પૈસા માંગતા ઘરે આવી લઈ જવાનું કહ્યું હતું. જેથી પાર્લર ચલાવતો યુવક આઠ વાગે ઘર પાસે રૂપીયા લેવા માટે ગયો હતો. ત્યારે વિનુજી ઠાકોર હાજર હતા તેઓએ મારા ભત્રીજા સુમને ફીજને નુકશાન નથી કર્યું તેમ છતા કેમ રોજ તેને હેરાન કરે છે કહી અપશબ્દો બોલવા લાગ્યા હતા. ઝઘડાને પગલે હોહા થતા ગ્રામજનો દોડી આવ્યા હતા અને યુવકને વધુ મારમાંથી છોડાવ્યો હતો. ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે લઈ જવાતા જમણા હાથે ફ્રેકચરનું નિદાન થયું હતું. બનાવ અંગે ઘનશ્યામ ઠાકોરની ફરીયાદ નોંધી પોલીસે ત્રણેય શખ્સોને પકડવા માટે ચકો ગતિમાન કર્યા છે.

તો સામા પક્ષે સુમનજી ચાવડાએ નોંધાવેલી ફરીયાદ મુજબ ઘનશ્યામ ઠાકોરના પાર્લર પર કોઈ એ ફીજને નુકશાન કર્યું હતું. જો કે કોઈ વ્યકિતએ સુમને ફીજને નુકશાન પહોંચાડ્યાનું કહેતા ઘનશ્યામ ઠાકોર તેની પાસે નુકશાનીના રૂપીયાની ઉઘરાણી કરતો હતો. સુમનના મોટાબાપાએ આ અંગે ઘનશ્યામ ઠાકોરને ઠપકો આપતા તેણે ગડદાપાટુનો માર માર્યો હતો. લાકડી લઈને આવેલા ઘનશ્યામે સુમન તેના ભાઈ વિશાલને માર માર્યો હતો. આ સમયે વચ્ચે પડેલા સુમનના પત્ની અને બહેનને પણ ઘનશ્યામે લાકડી મારી હતી. જેથી સમગ્ર મુદ્દે સુમન ચાવડાએ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

આજે સરકાર દ્વારા કોરોના રસીકરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે ત્યારે સમગ્ર દેશ સાથે શહેરમાં પણ કોરોનાની રસી પહોંચી ગઈ છે. આજે ગાંધીનગર સિવિલ ખાતે પણ રસીકરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૦૦ જેટલા વોરિયર્સને રસી આપવામાં આવી હતી. સિવિલ હોસ્પિટલના પેથોલોજીસ્ટ ડૉ. પરાગી જશવંત ગાંધીનો પણ સમાવેશ થાય છે. તેવો દ્વારા સમગ્ર શહેરીજનોને અપીલ કરવામાં આવી છે કે રસી અંગેની અફવાઓથી દૂર રહી મહા અભિયાનમાં જોડાઈ કોરોનાને જડમૂળમાંથી નાબૂદ કરવા સમગ્ર શહેરીજનો સહભાગી બને. તેઓ વધુમાં જણાવે છે કે કોવીશીલ્ડ રસી લેવાનો તેમને ગર્વ છે અને આ રસી લેતા સમયે કે બાદમાં તેમને કોઈ તકલીફ થઈ નથી.

નોર્થ ઈન્ડિયા ફેશન ફેસ્ટ-૨૦૨૧ના મોડેલિંગ હન્ટમાં શહેરના ભાઈ-બહેને બાજી મારી

કાનપુર ખાતે યોજાયલી સ્પર્ધામાં કુડાસણ રહેતી ૧૪ વર્ષની ખુશી આચાર્ય અને ૧૦ વર્ષના વીર આચાર્ય વિજેતા : ખુશી આચાર્યને 'વર્લ્ડ વાઈડ ક્રાઉન દિવા એવોર્ડ-૨૦૨૧' અપાયો

ગાંધીનગર, તા.૧૬

એવું નથી કે ગાંધીનગરમાં માત્ર યુવાનો કે વયસ્કો જ પોતાની પ્રતિભા ઝળકાવે છે પરંતુ આ શહેરના બાળકો પણ રાષ્ટ્રીય સ્તરે પોતાના ટેલેન્ટ થકી છવાઈ જવાની ક્ષમતા ધરાવે છે અને આ બાબત સાબિત કરી બતાવી છે શહેરના કુડાસણ વિસ્તારમાં રહેતી ભાઈ-બહેનની જોડીએ જેમણે તાજેતરમાં ઉત્તર પ્રદેશના કાનપુર ખાતે યોજાયેલી નોર્થ ઈન્ડિયા ફેશન ફેસ્ટ ૨૦૨૧માં કિટસ કેટેગરીમાં ભાગ લઈને કિશોર વયે બંને એ સ્પર્ધાઓ પ્રથમ સ્થાને જીતી શહેરને ગૌરવ અપાવ્યું છે.

તાજેતરમાં તા. ૧૦મી જાન્યુઆરીએ કાનપુરના નોર્થ ઈન્ડિયા ફેશન ફેસ્ટ ૨૦૨૧માં યોજાયેલી 'ધી બિગેસ્ટ મોડેલિંગ હન્ટ ઈન્ડિયા ઈન્ટરનેશનલ' સ્પર્ધામાં કિડસ, મીસ્ટર, મીસ અને મીસીસ જેવી કેટેગરી પૈકી કિડસ કેટેગરીમાં ગાંધીનગરના કુડાસણ ખાતે રહેતા ખુશી ગુંજન આચાર્ય અને વીર ગુંજન આચાર્ય એ મેદાન માર્યું છે. આ સ્પર્ધામાં ખુશી આચાર્યને ટ્રોફી ઉપરાંત સ્પેશિયલ 'વર્લ્ડ વાઈડ ક્રાઉન દિવા એવોર્ડ-૨૦૨૧' પણ એનાયત કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ખુશીએ અગાઉ ગત વર્ષે જયપુર ખાતે યોજાયેલી 'ટીન ઈન્ડિયા એશિયા' સ્પર્ધામાં પણ પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું. ખુશી આચાર્યએ ૧૪ વર્ષની વયે અને વીર આચાર્યએ ૧૦ વર્ષની વયે આ સ્પર્ધા જીતી છે જેમણે વિવિધ રાજયોના મળીને આશરે ૧૩૦ સ્પર્ધકોને મ્હાત આપી હતી.

મોડેલિંગ હન્ટની આ સ્પર્ધામાં સ્પર્ધકે વિવિધ તબક્કામાંથી પસાર થવું પડે છે. જેમાં સૌથી પહેલો ઓડિશન રાઉન્ડ હોય છે. ત્યારબાદ ટેલેન્ડ રાઉન્ડ પછી ટ્રેડિશનલ ડ્રેસ સાથે વોક તથા સવાલ જવાબનો રાઉન્ડ યોજાય છે અને અંતિમ તબક્કામાં ફિનાલે રાઉન્ડ યોજાય છે. આ સ્પર્ધામાં દેશભરના રાજયો જેવા કે આંધ્રપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બંગાળ, પંજાબ, મહારાષ્ટ્ર સહિતના ક્ષેત્રોમાંથી સ્પર્ધકોએ ભાગ લધો હતો. બંને બાળકોએ તેમના પ્રદર્શન થકી સૌ કોઈને પ્રભાવિત કર્યા હતા અને તેમના માતા-પિતા, પરિવાર સહિત શહેરને પણ ગૌરવ અપાવ્યું હતું.

સંસ્કાર ગૃપ દ્વારા બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ

સંસ્કાર ગૃપના બાળકો દ્વારા તા. ૧૩ જાન્યુઆરીના રોજ વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. જેમાં સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ નિમિત્તે કાર્યો અને વિચારોની આપ-

લે કરાયા હતા. આ ઉપરાંત શ્રમજીવી બાળકોને પતંગ, ચિક્કી અને માસ્કનું વિતરણ કરાયું હતું. ગાયમાતાને બાળકો દ્વારા ઘાસચારો આપી નમન કરવામાં આવ્યું હતું. આ સાથે તા. ૧૪ થી ૨૧ જાન્યુઆરી દરમિયાન ગૃપના બાળકો દ્વારા ખુલ્લામાં પડેલી નકામી દોરી પક્ષીઓ માટે ઘાતક ન બને તે ઉદ્દેશ્યથી દોરી એકઠી કરી નાશ કરવાની પ્રવૃત્તિ હાથ ધરાઈ છે.

આજે આર્ટ હાઉસ ખાતે ટેટુ મેકિંગ ઈવેન્ટ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

આજે આર્ટ હાઉસ દ્વારા ડિઝાઈનર ટેટુ મેકિંગ ઈવેન્ટ સવારે ૧૧ થી ૬ વાગ્યા દરમિયાન સે-૨-સી પ્લોટ નં. ૭૭૫/૨ સૂર્યદર્શન આર્ટ હાઉસ ખાતે યોજાશે.

આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૬

સુંદરધામ હનુમાનજી મંદિરે ચાલી રહેલ 'રામકથા'માં આજે બપોરે ૨ થી ૫ કલાકે દિલિપગુરુજીની વ્યાસ પીઠે મા બહુચરનો આનંદનો ગરબો યોજાશે સૌ હનુમંત પ્રેમીઓને ઉપસ્થિત રહેવા સુંદરધામ પરિવાર દ્વારા જણાવાયું છે.

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટને મેયરના હસ્તે કોરોના વોરિયર પ્રશસ્તિ પત્ર અર્પણ

ગાંધીનગરમાં દાયકાથી કાર્યરત સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા કોરોના કાળ દરમિયાન કરવામાં આવેલી અન્નક્ષેત્ર સહિતની અનેકવિધ સેવા પ્રવૃત્તિને મેયર રીટાબેન પટેલ દ્વારા બિરદાવવામાં આવી હતી. બુધવારે મહાપાલિકા કચેરીમાં સંસ્થાના ટ્રસ્ટીઓનું મેયરના હસ્તે કોરોના વોરિયર પ્રશસ્તિ પત્ર અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યુ હતું. આ તકે સંસ્થાના ટ્રસ્ટી હેમરાજભાઈ પાડલિયાના તંત્રી પદે પ્રસિદ્ધ થતાં માસિક મેગેઝીન આસ્થાના પ્રથમ અંકનુ વિમોચન પણ કરવામાં આવ્યુ હતું. જ્યારે સભ્યો દ્વારા મેયરશ્રીને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યા હતાં.

ગાંધીનગરમાં સેકટર-૧૬ અને સેકટર-૨૪ની સેવા વસ્તીમાં રહેતા બાળકોને પૌષ્ટિક ભોજન મળી રહે તે માટે અનેક સ્વૈચ્છિક સંગઠનો કાર્યરત છે. તેઓ અવારનવાર વિવિધ પ્રકારની પૌષ્ટિક ખાદ્ય સામગ્રી જરૂરીયાતમંદ બાળકોને પીરસે છે. અખિલ ભારતીય માનવાધિકાર નિગરાની સમિતિની ટીમે સેકટર-૧૬ અને સેકટર-૨૪ની સેવા વસ્તીના બાળકો માટે સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વેજ પુલાવ બનાવી બાળકોને પીરસ્યું હતું.

બીએસએફના પેન્શનધારકોની ફરિયાદ-સમસ્યાના નિવારણ માટે પેન્શન અદાલતનું આયોજન

ગાંધીનગર, તા.૧૬

સીમા સુરક્ષા દળના ગુજરાત ફ્રન્ટિયર એકમ દ્વારા ગુજરાત તેમજ રાજસ્થાનના બીએસએફના પેન્શનધારકો તથા પારિવારિક પેન્શન ધારકોની પેન્શન સંબંધિત સમસ્યાઓ તથા ફરિયાદોના નિકાલ માટે આગામી તા. ૨૧ અને ૨૨ જાન્યુઆરી દરમિયાન પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. આ પેન્શન અદાલત ગાંધીનગર ખાતેના બીએસએફના ગુજરાત ફ્રન્ટિયરના મુખ્યાલય ખાતે યોજાશે. જેમાં નવી દિલ્હીથી તથા ગાંધીનગર સંકુલથી પીએઓ, બેંક, સીપીએઓ, સીપીપીસી, એસડબલ્યુઓ, ડીડબલ્યુઓ વગેરેના પ્રતિનિધિઓ વિડીયો કોન્ફરન્સથી અદાલતમાં ભાગ લઈ પેન્શનરોની ફરિયાદો તથા સમસ્યાઓનું સમાધાન કરશે. ગુજરાત તથા રાજસ્થાનમાં રહેતા સીમ સુરક્ષા દળના પેન્શન ધારકો પોતાના પેન્શન સંબંધિત ફરિયાદો અને સમસ્યાઓના નિવારણ માટે ગાંધીનગરના ગુજરાત ફ્રન્ટિયરના મુખ્યાલય ખાતે અથવા પોતાની નજીકના બીએસએફ મુખ્યાલય ખાતેથી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જાતે ઉપસ્થિત રહી ભાગ લઈ શકશે. આ બાબતે વધુ માહિતી માટે પેન્શનધારકો મો.નં. ૭૭૨૭૮૦૧૩૧૬, ૮૯૧૮૨૯૪૯૨૩, ૯૬૩૫૦૦૬૯૪૧ અથવા ૯૧૭૩૯૯૯૧૧૨ પર સંપર્ક સાધી શકાશે.

બર્ડ રેસ્ક્યુમાં જોડાયેલી બે ટીનએજ કિશોરીઓએ ધ્યાનાકર્ષિત કર્યું...!!

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર હંમેશા પ્રકૃતિ પ્રેમી અને જીવદયા પ્રેમી નાગરિકોનું શહેર રહ્યું છે અને આ શહેરમાં દરેક પર્વ ખૂબ જ ઉલ્લાસથી ઉજવાય છે તે સાથે સાથે યુવા સ્વયંસેવકો સેવા કાર્યમાં પણ એટલા જ ઉમંગથી જોડાય છે. શહેરમાં સમગ્ર વર્ષ દરમિયાન જીવદયા પ્રેમી સ્વયંસેવકો દ્વારા સર્પ રેસ્ક્યુ, બર્ડ રેસ્કયુ તથા એનિમલ રેસ્ક્યુની અવિરત સેવા આપવામાં આવે છે જેમાં કેટલીક મહિલા સ્વયંસેવકો પણ સામેલ છે તેજ રીતે ઉત્તરાયણના દિવસો દરમિયાન પતંગની દોરીથી ઈજાગ્રસ્ત થતાં પક્ષીઓના બચાવ કાર્યમાં પણ યુવતીઓ જોડાય છે અને તેમની સંખ્યા પણ વધી રહી છે. આ વર્ષે જિલ્લા કલેકટરની દેખરેખ હેઠળ આયોજિત કરવામાં આવેલા કરૂણા અભિયાનમાં જોડાયેલી પ્રકૃતિ યુવા સંગઠનની ટીમમાં જે યુવતીઓએ સેવાઓ આપી હતી જેમાં ૧૬ વર્ષીય સંગીતા મારવાડી અને ૧૮ વર્ષીય અંજના મારવાડી નામની બે સગી બહેનોનો સમાવેશ થાય છે. જેમણે આજના યુવાનો માટે એક પ્રેરણાત્મક ઉદાહરણ પુરું પાડયું છે. જયાં આ ટીનએજ ઉંમરે પતંગ ચગાવવાનો ક્રેઝ સામાન્ય રીતે વધુ જોવા મળે છે ત્યાં આ બહેનો પક્ષી બચાવકાર્યમાં સેવા આપવા જોડાઈ હતી.

સોમનાથ બ્રહ્મકર્મ ચેરીટેબલ ટ્રસ્ટના યજમાન પદે ગાંધીનગરના વિદ્વાન કર્મકાંડી બ્રહ્મદેવતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ધર્માચાર્ય ફુલશંકર શાસ્ત્રીજી તથા ૨૨ વિદ્વાનો જેમણે સંપૂર્ણ જીંદગી શહેરીજનોને ધર્મલાભ આપ્યો છે તેમનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અંતમાં સંસ્થાની વાર્ષિક સભા પણ કરવામાં આવી હતી.

ઉત્તરાયણનું પર્વ શહેરીજનો માટે ભલે મોજ-મજા અને મસ્તીનું પર્વ હોય પરંતુ આ ઉત્સવ અબોલ પક્ષીઓ માટે તો અત્યંત ઘાતક પર્વ બની રહે છે અને અસંખ્ય પક્ષીઓ ઉત્તરાયણ તથા તે પછીના દિવસોમાં પતંગની દોરીથી ઈજાગ્રસ્ત થાય છે. જેમાંથી ઘણા તો પોતાનો જીવ ગુમાવી બેસે છે. ઉત્તરાયણના પર્વ પછી સોશિયલ મિડીયા પર નાગરિકો ધાબામાં વધેલી દોરીના ગુંચડા કે મકાનો તથા ઝાડ પર લટકતી દોરીને હટાવી લેવાના જાગૃતિ મેસેજ ફોરવર્ડ કરી પક્ષી બચાવવામાં યોગદાન આપ્યાનો સંતોષ માની લે છે પરંતુ મોટા ભાગના વ્યકિતઓ આ મેસેજ વાંચ્યા પછી પણ આ પ્રકારની જોખમી રીતે લટકતી દોરીઓ હટાવવા તસ્દી લેતા નથી. જો કે ગાંધીનગરના સે-૫ ખાતે એક રાકેશ પટણી નામના શાકભાજીના ફેરિયાએ શનિવારે સવારે સમય કાઢીને પોતાની જાતે મકાનો અને ઝાડ પરથી લટકતી દોરીના ગૂંચડા દૂર કરવાનું સેવા કાર્ય સ્વયં સ્ફૂરણાથી હાથ ધર્યું હતું જે જોઈને આસપાસના રહીશોએ તેમની પ્રસંશા કરી હતી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. શ્રીમાળી જશીબેન લક્ષ્મણભાઈ, ઉ.વ. ૬૯, સેકટર-૧૩, ગાંધીનગર
- સ્વ. હીરાબેન ગોરધનભાઈ પટેલ, ઉ.વ. ૭૫, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. પદ્મકાન્ત ધર્મસુખરાય વસાવડા, ઉ.વ. ૮૬, વાવોલ, તા. ગાંધીનગર
- સ્વ. ઠાકોર કાળાજી આદરજી, ઉ.વ. ૬૫, ચાંદીસણા, તા. માણસા
- સ્વ. દેવેન્દ્રપ્રસાદ વનમાળીદાસ રાવલ, ઉ.વ. ૮૩, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. સરદારજી ફુલાજી વણઝારા, ઉ.વ. ૬૦, બોરીજ, ગાંધીનગર